સ્પેશિયલ ઑલિમ્પિક્સ રમતોત્સવ હેતુ

જિલ્લાના કોચ રાષ્ટ્રકક્ષા માટે પસંદગી પામ્યા

ગાંધીનગર, તા. ૨૨

સ્પેશિયલ ઑલિમ્પિકસ ગુજરાતના કોચ માટે તાજેતરમાં સિલેકશન કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

અલગ અલગ રમત માં પાંચ મેલ અને પાંચ ફિમેલ કોચ દ્વારા આ સિલેકશન કૅમ્પમાં ભાગ લેવામાં આવ્યો હતો, જે પૈકી ગાંધીનગર જિલ્લાના ૩ કોચની પસંદગી રાષ્ટ્રકક્ષાની રમતો માટે કરવામાં આવી હતી.

સૉફ્ટ બૉલની રમત માટે પૌરીન પટેલ, ફૂટબૉલ માટે આશાબેન ગોહિલ અને વૉલીબૉલ માટે મેઘના પટેલની પસંદગી રાષ્ટ્રકક્ષાની રમતો માટે કરવામાં આવી હતી. સ્પેશિયલ ઑલિમ્પિક્સ, ગાંધીનગરની ટીમ તરફથી જિજ્ઞેશ વસંત રાવલ, વિનોદભાઈ ચૌધરી અને ગાંધીનગર જિલ્લાના વાલીઓએ ત્રણેય કોચને બિરદાવી અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી છે.

નવરાત્રીના માહોલની વિક્રમસર્જક શરૂઆત

૧૩૦૦ બહેનોએ એકસાથે ગરબા રમી વિશ્વવિક્રમ સર્જ્યો

વામા ક્લબ, અમદાવાદ દ્વારા સાત્વિક ગરબાનું આયોજન શનિવારે કરવામાં આવ્યું હતું, જેમાં ૧ ૩થી ૧૫ વર્ષની વય ધરાવતાં ૧૩૦૦ બહેનોએ એક હાથમાં દીપ અને માથે ગરબો લઈ ગરબે રમી વર્લ્ડ રેકોર્ડનું સર્જન કર્યું હતું. વર્લ્ડ રેકર્ડ સંસ્થાનાં તિથી ભલ્લા, અશ્વિન ત્રિવેદી, સાંસદ ભૂપેન્દ્રભાઈ પટેલ, ભાજપ અગ્રણી અમિત ઠાકર, લીલાબેન અંકોલિયા, ગાંધીનગર મહાનગર પાલિકાનાં મેયર રીટાબેન પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં.

વામા ક્લબનાં પ્રિયંકા અને વનરાજસિંહે આ વર્લ્ડ રેકર્ડના સર્જન બદલ સાજેદાર સહુ બહેનોને અભિનંદન પાઠવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે ગાંધીનગરની ચાર દીકરીઓ પણ વર્લ્ડ રેકર્ડનું સર્જન કરનાર આ ગરબા જૂથમાં સામેલ હતી.

સરસ્વતી સ્કૂલમાં વિદ્યાર્થિનીઓ દ્વારા વિદ્યાર્થિનીઓ માટે કાર્યક્રમ યોજાયો

સેક્ટર-૬માં કાર્યરત સરસ્વતી વિદ્યાલય ખાતે સ્કૂલ ઑફ લિબરલ સ્ટડીઝ, પંડિત દિનદયાલ પેટ્રોલિયમ યુનિવર્સિટીની વિદ્યાર્થિનીઓ દ્વારા સરકારી પ્રોજેક્ટના ભાગરૂપે શાળાની વિદ્યાર્થિનીઓની જાગરૂકતા માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાની વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

ગાંધીનગર, તા. ૨૨

તાજેતરમાં તાલુકા કક્ષાએ જવાહર નવોદય વિજ્ઞાન-ગણિત પ્રદર્શન-૨૦૧૯નું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં શાળા કક્ષાએથી વૈજ્ઞાનિક અભિગમ કેળવાય તથા તેમનામાં રહેલી સર્જનાત્મક, અવલોકન, તર્કશક્તિ તથા જૂથકાર્ય કરવાની ક્ષમતા કેળવાય તે હેતુસર શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને આ કતિઓ તૈયાર કરવા જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર એન પટેલ પ્રાઇમરી સ્કૂલના વિદ્યાર્થીઓએ આ પ્રદર્શનમાં ભાગ લઈ વિવિધ કૃતિઓ પ્રસ્તુત કરી હતી.

ભાવનાબેન પ્રજાપતિના માર્ગદર્શનમાં હાર્દિ કે પટેલ અને જીનેશ કે ગૌતમી દ્વારા ટકાઉ કૃષિ પદ્ધતિઓ વિભાગમાં પીએચ પેપર વડે જમીનની ચકાસણી, નિમિષાબેન ત્રિવેદીના માર્ગદર્શનમાં અયાનઅહેમદ જે મલેક, શ્લોક સી પરમારે સ્વચ્છતા અને સ્વાસ્થ્ય વિભાગમાં સ્વચ્છતા અને સ્વાસ્થ્ય, પારૂલબેન એ પટેલના માર્ગદર્શનમાં કેવલ એ શાહ, માધવી સી પટેલે સંસાધન વ્યવસ્થાપન વિભાગમાં ભૂ-ઉપગ્રહ અને સંચાર પ્રણાલી તથા હેતલબેન વાય પટેલના માર્ગદર્શનમાં દક્ષપાલસિંહ વી ઝાલા, રાજદિપસિંહ એ જાડેજા દ્વારા ભવિષ્યમાં પરિવહન અને પ્રત્યાયન વિભાગમાં મલ્ટિપર્પઝ ચેકપોસ્ટ કૃતિનું નિદર્શન કર્યું હતું.

ખેલ મહાકુંભમાં એસએસવી કેમ્પસ ઝળક્યું

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જીલ્લા રમત-ગમત અધિકારીની કચેરી દ્વારા ખેલ મહાકુંભ અંતર્ગત ગાંધીનગર શહેર-તાલુકા કક્ષાએ શ્રી જે. એમ. ચૌધરી કન્યા વિદ્યાલય, સેક્ટર-૭ ખાતે વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ભાગ લઈને ઈનામો પ્રાપ્ત કર્યા હતાં.

વૉલીબૉલ સ્પર્ધાના અન્ડર-૧૪ વિભાગમાં ભાઈઓની ટીમ પ્રથમ, રસ્સાખેંચ સ્પર્ધાના અન્ડર-૧૭ વિભાગમાં ભાઈઓની ટીમ પ્રથમ, કબડ્ડી સ્પર્ધાના અન્ડર-૧૭ વિભાગમાં ભાઈઓની ટીમ તૃતિય, ચેસની સ્પર્ધાના અન્ડર-૧૧ વિભાગમાં માં દિર્ગ રાજગોર પ્રથમ અને ૨૦૦ મીટર તથા ૪૦૦ મીટર દોડના અન્ડર-૧૭ વિભાગમાં જયમિક રાઠોડ પ્રથમ સ્થાનનું વિજેતા પદ મેળવી શાળાને ગૌરવ અપાવ્યું છે. શાળા પરિવારે સહુ વિજેતા વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક અને શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક શાળા દ્વારા ખેલ મહાકુંભ અંતર્ગત યોજાયેલી ખો-ખો સ્પર્ધાના અન્ડર-૧૭ જૂથમાં શ્રી જે એમ ચૌધરી શાળાની ટીમને પરાસ્ત કરી રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પોતાની પસંદગી નિશ્ચિત કરી છે. ટીમને ૩૬ હજાર રૂપિયાનું ઈનામ પણ પ્રાપ્ત થયું છે. ટીમના માર્ગદર્શક તરીકે શિક્ષક ઉર્વશીબેન અને હાર્દિકભાઈએ ફરજ બજાવી હતી. સમગ્ર શાળા પરિવાર વતી સુપરવાઈઝર રમેશભાઈ જી પટેલે ટીમ, માર્ગદર્શક શિક્ષકોને બિરદાવી અભિનંદન સહ રાજ્યકક્ષાની સ્પર્ધા માટે શુભકામનાઓ પાઠવી છે.

લડાઈમાં સાજેદારી

વિલાયત પહોંચ્યા તો ખબર પડ્યા કે ગોખલે તો પારીસમાં રહી ગયા છે, પારીસ સાથેનો આવજાનો સંબંધ બમ્બ થઈ ગયો છે, ને તે ક્યારે આવશે એ ન કહી શકાય. ગોખલે તબિયતને અંગે રાન્સ ગયા હતા ત્યાં લડાઈને લીધે સપડાઈ ગયા. તેમને મળ્યા વિના દેશ જવું નહોતું. તે ક્યારે આવી શકશે એ કોઈ કહી શકે તેમ નહોતું.

દરમ્યાન શું કરવું? લડાઈને વિષે મારો ધર્મ શો હતો? મારા જેલી સાથી અને સત્યાગ્રહી સોરાબજી અડાજણિયા વિલાયતમાં જ બારિસ્ટરીનો અભાસ કરતા હતા. સારામાં સારા સત્યાગ્રહી તરીકે સોરાબજીને ઈંગ્લંડમાં બારિસ્ટરીની તાલીમ લેવાને સારુ ને પછી દક્ષિણ આફ્રિકામાં આવી મારી જગ્યા લેવાના હેતુથી મોકલવામાં આવ્યા હતા. તેમનું ખર્ચ દાક્તર પ્રાણજીવનદાસ મહેતા આપતા હતા. તેમની સાથે ને તેમની મારફતે દાક્તર જીવરાજ મહેતા ઈત્યાદિ જેઓ વિલાયતમાં અભ્યાસ કરતા હતા તેમની સાથે મસલત કરી. વિલાયતમાં રહેનાર હિંદીઓની એક સભા બોલાવી ને તેમની પાસે મારા વિચારો મેં મૂક્યા. મને લાગ્યું કે વિલાયતમાં વસતા હિંદીઓએ લડાઈમાં પોતાનો ફાળો ભરવો જોઈએ. અંગ્રેજ વિદ્યાર્થીઓએ લદાઈમાં સેવા કરવાનો પોતાનો નિશ્ચય જાહેર કર્યો હતો. હિંદીઓ તેથી ઓછું ન કરી શકે. આ દલીલોની સામે આ સભામાં પુષ્કળ દલીલો થઈ. આપણી અને અંગ્રેજોની શિતની વચ્ચે હાથીઘોડાનો તફાવત છે. એક ગુલામ અને બીજા સરદાર. એવી સ્થિતિમાં ગુલામ સરદરની ભીડમાં સ્વેચ્છએ કેમ મદદ કરી શકે? ગુલામીમાંથી છૂટા થવા ઈચ્છનાર ગુલામનો ધર્મ સરદરની ભીડનો ઉપયોગ છૂટા થવા સરુ કરવો એ નથી? આ દલીલ તે વેળા મને કેમ ગળે ઊતરે? જો કે હું બે ની સ્થિતિનો ભેદ સમહી શક્યો હતો, પણ મને આપણી સ્થિતિ છેક ગુલામીની નહોતી લાગતી. મને તો એમ લાગતું હતું કે, અંગ્રેજી પદ્ધતિમાં દોષ હતો તેના કરતાં કેટલાક અંગ્રેજી અમલદારોમાં દોષ વધારે હતો. તે દોષ આપણે પ્રેમથી દૂર કરી શકીએ. જો અંગ્રેજોની મારફતે અને તેમની મદદથી આપણે આપણી શિતિ સુધારવા ઈચ્છતા હતા, તો આપણે તેમની ભીડને વખતે તેમને મદદ કરીને સ્થિતિ સુધારવી જોઈએ. રાજ્ય પદ્ધતિ દોષમય હોવા છતાં મને જેમ તે આજ અગી અસહ્ય લાગે છે તેમ તે વેળા અસહ્ય નહોતી લાગતી. આજે અંગ્રેજ રાજ્યને મદદ ન કરું, તેમ જેમનો વિશ્વાસ આજે ઊઠે ગયો છે ને તેથી હું જ નહીં પણ અંગ્રેજી અમલદારો ઉપરથી પણ ઊથી ચૂક્યો હતો તે કેમ મદદ કરવા તૈયાર થાય?

તેમણે આ સમયે પ્રજાની માંગણી મજબૂત રીતે જાહેર કરવાની તેમાં સુધારો કરાવી લેવાની તક જોઈ. મેં આ અંગ્રેજોની આપત્તિને આપણી માગણી કરવાનો વખત ન માની લડાઈ દરમ્યાન હકો માગવાનું મુલતવી રાખવાના સંયમમાં સભ્યતા ને દીર્ઘદ્રષ્ટી જોયાં. તેથી મારી સલાહ ઉપર હું મક્કમ રહ્યો ને જેમને ભરતીમાં નામ લખાવવાં હોય તે લખાવે તેમ સૂચવ્યું. નામો સારી સંખ્યામાં લખાયાં. તેમાં લગભગ બધા પ્રાન્તના નેબધા ધર્મના માણસોનાં નામ હતાં.

લૉર્ડ કૂ ઉપર આ વિષે કાગળ લખ્યો અને હિંદી માગણીનો સ્વીકાર થવા સારુ જલ્કમી સિપાહીઓની સેવા કરવાની તાલીમ લેવાની આવશ્યકતા જણાય તો તાલીમ લેવાની ઈચ્છા ને તૈયારી જાહેર કર્યા. કંઈક મસલતો પછી લૉર્ડ કૂ એ હિમ્દીમાગણીનો સ્વીકાર કર્યો ને અણીને ટાંકણે સામ્રાજ્યને મદદ દેવાની તૈયારી સારુ આભાર માન્યો.

નામ આપનારાઓએ પ્રસિદ્ધ દાક્તર કેંટલીના હાથ નેચે જખમીઓની સારવાર કરવાની પ્રાથમિક તાલીમનો આરંભ કર્યો. છ અઠવાડીયાનો નાનકડો ક્રમ હતો, પણતેમાં જખમીઓને પ્રાથમિક મદદ દેવાની બધી ક્રિયા શીખવવામાં આવી હતી. અમે લગભગ ૮૦ જણ આ ખાસ વર્ગમાં જોડાયા. છ અઠવાડીયા પછી પરીક્ષા લેવાઈ તેમાં એક જ જણ નાપાસ થયો. જેઓ પાસ થયા તેમને સારુ હવે સરકાર તરફથી કવાયત વગેરે દેવાનો પ્રબંધ થયો. કર્નલ બેકરના હાથમાં આ કવાયત દેવાનું મૂકવામાં આવ્યું ને તેમને આ ટુકડીના સરદાર નીમવામાં આવ્યા. આ વખતનો વિલાયતનો દેખાવ જોવા લાયક હતો. લોકો ગભરાતા નહોતા પણ બધા લડાઈમાં યથા શક્તિ મદદ કરવામાં રોકાઈ ગયા હતા. શક્તિવાળા જુવાનિય તો લડાઈની તાલિમ લેવા મંડી ગયા. પણ અશક્ત બુઢ્ઢા સ્ત્રીઓ વગેરે શું કરે? તેમને સારુ પણ ઈચ્છે તો કામ હોય જ. તેઓ લડાઈમાં ઘવાયેલાઓને સારુ કપડાં વગેરે સેવવાવેતરવામાં રોકાયાં. ત્યાં સ્ત્રીઓની લઈસિયમ નામે ક્લબ છે તેનાં સભ્યોએ લડઈખાતાંને જોઈતાં કપડાં માંથી જેટલા બનાવી શકાય તેટાલાં બનાવવાનો બોજો ઉપાડ્યો.સરોજિની દેવી તેના સભ્ય હતાં. તેમણે આમાં પૂરો ભાગ લીધો. મારી તેમની સથેની ઓળખાણ તો આ પહેલી જ હતી. તેમણે વેતરેલાં કાડાંનો મારી પાસે ઢગલો કર્યો, ને જેટલાં સીવીસિવડાવી શકય તેટલાં સીવીસિવડાવી તેમને હવાલે કરવાનિં કહ્યું. મેં તેમની ઈચ્છાને વધાવી લીધીને જખમીઓને સેવાની તાલીમ દરમ્યાન જેટલાં કપડાને પહોંચી શકાય તેટલાં તૈયાર કરાવી આપ્યાં.

સૌજન્ય : સત્યના પ્રયોગો

માતૃભાષા એટલે આત્મીયતાનો અમીરસ

માતૃભાષા-ચિંતન

હર્ષદ પ્ર. શાહ

કાકાસાહેબ કાલેલકર કહે છે, 'ભાષા એ આત્મીયતા ઉત્પન્ન કરવાનું અદ્‌ભુત સાધન છે. એક જ સમાજના લોકો પરસ્પર જીવન-સહયોગને કારણે આત્મીય બને છે. અને તેથી તેઓ એક જ ભાષા બોલે છે. આમ ભાષા એકતા સ્થાપિત કરવાની સંજીવની છે. જીવન-સહયોગ સ્થાપવાની શક્તિ 'ભાષા' છે. એક સમાજ એક જ ભાષા બોલે એ ફળ છે. ભાષાને કારણે એકતા ઉત્પન્ન થશે જ એમ કહેવાય નહીં અને છતાં સ્વીકારવું પડે છે કે ભાષામાં પણ આત્મીયતા ઉત્પન્ન કરવાની મોટી શક્તિ છે. અમેરિકામાં અંગ્રેજીની એ શક્તિ પ્રગટ થઈ છે. પણ ભારતમાં અંગ્રેજીનો આટલો પ્રચાર હોવા છતાં અંગ્રેજો અને આપણા લોકો વચ્ચે ઊંડી આત્મીયતા જાગી નથી.'

આપણા રાજ્ય કે દેશની બહાર જઈએ ત્યાં જો આપણને કોઈ આપણી ભાષામાં બોલનાર વ્યક્તિ મળી જાય તો કેટલો બધો આનંદ થાય ! તરત જ એની સાથે મિત્રતા બંધાય અને વિચારોનો સંબંધ બંધાય. કોઈ વિદેશી રાજપુરુષ અહીં આવીને આપણને 'નમસ્તે' કહીને એકાદ વાક્ય આપણી ભાષાનું બોલે તોય મીઠું લાગે.

આપણી અભિવ્યક્તિ સ્વાભાવિક રીતે જ આપણી પોતાની ભાષામાં સહજ અને અસરકારક થાય. આપણી લાગણીઓ અને સંવેદનાઓને આપણી માતૃભાષા જ વાચા આપી શકે. લોકભાષામાં તળપદા શબ્દોનો ઉપયોગ લોકોનાં દિલજીતી શકે છે. એનું સુંદર ઉદાહરણ આપણા એક રાજનેતા શ્રી પુરુષોત્તમદાસ રૂપાલા છે. એમના તળપદા ધારાપ્રવાહમાં લોકલાગણીને સ્પર્શવાની શક્તિ મેં જોઈ છે. એવા જ બીજા એક અત્યંક લોકપ્રિય કથાકારને પણ આપણે ઓળખીએ છીએ. એ છે સાંઈરામ દવે. માતૃભાષામાં અને માતૃભાષાની મહત્તા સમજાવવામાં એમની વાક્‌છટા ધાર્યું પરિણામ લાવી શકે છે. એવા જ આપણા ગુજરાતી સાહિત્યના લોકપ્રિય સારસ્વત - કવિ શ્રી તુષાર શુક્લનું પણ નામ લોકહૃદયમાં સ્થાન પામ્યું છે. આવાં તો અગણિત ઉદારણો આપણને મળી શકે. આવું કંઈ ગુજરાતની ધરતી પર અંગ્રેજી ભાષામાં સંભવ છે ખરું ?

ભાષાનું કેવું સ્વરૂપ હોવું ઘટે કે જે સમાજઘટકોને પરસ્પર જોડેલા રાખે અને સતત આત્મીયતાનો સ્પર્શ કરાવે, એ સમજવા કાન્તિલાલ હ. પરીખના શબ્દો માણીએ, 'બ્રિટિશ રાજ્ય વખતે શ્રીમંત સયાજીરાવ ગાયકવાડે એમના રાજ્યમાં માતૃભાષાને મુખ્ય સ્થાન આપવા પ્રશંસનીય પ્રયત્ન કર્યો હતો. પણ આ કાર્ય જેમને સોંપવામાં આવ્યું હતું તે મોળા પડ્યા અને અંગ્રેજી શબ્દોનો માત્ર માતૃભાષામાં અનુવાદ જ કર્યો. જે શબ્દો અંગ્રેજીમાં જ લેવા પડે તેવા હોય, તેવા શબ્દોને માતૃભાષામાં લોકભોગ્ય બને અને લોકજીભે ચઢે એવાં રૂપ-ઘાટ આપવાં જોઈએ. ભાષા બોલતાં બોલનારું મોં ભાવ અને લાલિત્યથી મલકવું જોઈએ. એના અક્ષરે અક્ષરે એનો ઉમળકો આવવો જોઈએ. એના અક્ષરે અક્ષરે મધુરતા ટપકવી જોઈએ. આ મુદ્દો ધ્યાનમાં રહે તો ભાષાનો-માતૃભાષાનો પ્રશ્ન જરૂર સરળ બને.'

આ કાર્ય ભાષાવિદોનું છે. પણ આ પંડિતોએ જનસમાજથી અળગા રહેવાનું પસંદ કર્યું. એના પર સંપૂર્ણ દુર્લક્ષ સેવ્યું. માતૃભાષા બોલવામાં અને લખવામાં એકસરખી રીતે પ્રતિષ્ઠિત થવી જોઈએ. જનસમાજમાં જેટલું શિક્ષણ વિસ્તરશે તેટલો ફરક તો પડવાનો જ, પણ હૃદયમાંથી માતૃભાષા પ્રત્યે લાગણીનો સ્રોત વહેતો નહીં હોયત્યાં સુધી તેની પરિપૂર્ણતા પમાશે નહીં. આજેય લોકગીતો, લોકરિવાજો અને લોક-વ્યવહારનું આપણે સંશોધન કરીએ છીએ તેમ માતૃભાષા સોળે કળાએ પ્રતિષ્ઠા પામે એ માટે નવા નવા આકર્ષક માર્ગો શોધવા જોઈએ અને માતૃભાષાનું ગૌરવ વધે તેવા પ્રયત્નો થવા જોઈએ.

માતૃભાષાનું માળખું જેટલું સ્પષ્ટ, સ્વચ્છ, સમર્થ અને મધુર તેટલું આપણું જીવનઘડતર પણ સ્પષ્ટ, સ્વચ્છ અને સમર્થ અને મધુર બનશે એવી પ્રતીતિ આપણને બોલતાં-ચાલતાં-લખતાં થવી જોઈએ.'

ઉપરના શબ્દોનો અર્થ અને ભાવ તારવીએ તો સમજાશે કે માતૃભાષા સામાજઘટકોની આત્મીયતાનો સબળ આધારત્યારે જ બને કે તે સમાજના ઘટકો પણ માતૃભાષાને અસીમ પ્રેમ કરે. ભાષા તો ગતિશીલ અને પરિવર્તનશીલ હોય છે. એમાં સમયને અનુરૂપ, યુગાનુકૂલ ઈષ્ટ પરિવર્તન પણ થતું રહેવું જોઈએ. પણ શું પરિવર્તન કરવું જોઈએ તેનું જ્ઞાન કે વિવેકભાન ન હોય તો ભાષાને અને ભાષકોને ઘણું નુકસાન થાય. માટે આવા પરિવર્તનની પૂર્વશરત એ હોય છે કે ભાષકોએ પોતાની ભાષાની નિકટ આવવું અને તે સંબંધિત પ્રશ્નો સમજવા. બાકી, ભાષા તો પ્રત્યાયનનું એટલું સબળ માધ્યમ છે કે જનસમાજને એના વિના ઘડીયે ચાલતું નથી. જે તે સમાજના ઘટકો એકબીજાને પરસ્પર સારી રીતે સમજે અને એકતાપૂર્વક સામંજસ્યથી સાથે રહી શકે તે માટે માતૃભાષા જેટલું પ્રબળ માધ્યમ બીજું ન હોઈ શકે.

આપણે અહીં જ્યારે માતૃભાષાને આત્મીયતા સ્થાપવાનું અમોઘ સાધન ગણીએ છીએ ત્યારે પ્રવર્તમાન સ્થિતિમાં આપણા દેશમાં આ જ વિષયને લઈને કેટલાક અણસમજુ નેતાઓ અને સંકુચિત માનસ ધરાવતા લોકો પોતાની પ્રાદેશિક ભાષાને એટલું બધું વિકૃત મહત્ત્વ આપે છે કે રાષ્ટ્ર સમસ્તની સંપર્ક ભાષા જેવી હિન્દી ભાષાનો પણ અવિવેકપૂર્ણ વિરોધ કરે છે. પોતાની માતૃભાષા કે પોતાના રાજ્યમાં બોલાતી પ્રાદેશિક ભાષાનો વિરોધ હોઈ જ ન શકે પણ આખા રાષ્ટ્રને જોડતી કડીરૂપ હિન્દી ભાષાનો કડવી ભ ાષામાં વિરોધ કરવામાં આવે એ વાત સમજાતી નથી. ગુજરાતના ઘણા લોકો ચેન્નઈના પરસોવાકમ કે સાવકારપેટ જેવા વિસ્તારોમાં વસ્યા છે અને ત્યાંથી તમિળ ભાષાને પોતીકી ગણીને સમરસ થઈને જીવી રહ્યા છે. ભાષા તો જન-જનને જોડતી ચેતનવંતી કડી છે. કોઈ પણ ભાષાનો અવિવેકપૂર્ણ વિરોધ નિંદનીય છે. પ્રજાસત્તાક શાસનમાં જનતા અને સરકાર વચ્ચે ભાષા દીવાલરૂપ ન બનવી જોઈએ.

'આપણા આજના લોકો કોઈ પણ ક્ષેત્રમાં સ્વતંત્ર વિચાર કરતા જ નથી. જૂના વખતમાં લોકો સંસ્કૃત ગ્રંથોમાંથી વિચારો લેતા. પછી એ વેદાંત હોય, ઈતિહાસ-પુરાણ હોય, યોગ હોય કે કાવ્ય સાહિત્ય હોય.

ત્યાર પછી ઈરાનના પર્શિયન સાહિત્યની અસર તળે આવ્યા. હમણાં અંગ્રેજી સાહિત્યના શિષ્યો થયા છે. સ્વરાજ્ય મળ્યા પછી અંગ્રેજ લોકોની અસર ઓછી થઈ છે. ત્યાં અંગ્રેજી સાહિત્ય અને આંતરરાષ્ટ્રીયતા ઓઢવાના પ્રયત્નો ચાલે છે. એમાં મોટે ભાગે અમેરિકાના અને અમુક અંશે યુરોપના લેખકો ઘણી અસર કરવા લાગ્યા છે. જીવનમાં મૌલિકતા ક્યાંય દેખાતી નથી. અને છતાં નેતાઓ માને છે કે ઓઢેલા વિચારો, અનુભવો અને પશ્ચિમથી આણેલી યોજનાઓ પોતાની જ છે.'

પશ્ચિમના હુન્નર-ઉદ્યોગો અને કારખાનાઓ આપણે સ્વદેશમાં આણીએ છીએ. નથી મૌલિકતા, નથી પ્રયોગ-પરાયણતા કે નથી હિંમત. આ રીતે બહુ તો ધનસમૃદ્ધિ આવી શકે પણ જીવનસમૃદ્ધિ ક્યાંથી આવે ? એ જ ચિંતાનો વિષય છે.'

આ શબ્દો છે કાકા કાલેલકરના. એમના શબ્દોમાં નરી વ્યથા નીતરે છે. ઘણા ચિંતકોની આવી વ્યથા હશે. જ્યાં સુધી આપણે આપણી પોતાની ભાષાને નહીં આવકારીએ અને નરી વાનરનકલથી જીવતા રહીશું ત્યાં સુધી ભાષા ઈષ્ટ પરિણામો નહીં આપે.

જન્મદિને વધામણી

દેવેન્દ્રસિંહ ચુડાસમા
મો. ૯૬૨૪૦ ૨૦૪૨૦

કીર્તિભાઈ ઉપાધ્યાય
મો. ૯૨૨૭૪ ૨૦૪૨૮

કર્તવ્ય જિજ્ઞેશ શાહ
મો. ૯૮૯૮૭ ૭૯૦૧૧

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઇચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક